પત્રિકા
૧૨૭

# ચિરાગે હિદાયત

૬/૧૦/૧૭
૧૫ મોહર્રમ

## તમન્નાએ મૌલા અલી(અ.સ.)

ઈમામ હુસૈન(અ.સ.)ની શહાદતનો દિવસ રૂખ્સત થઈ ગયો પણ આ અઝીમ શહાદતનો મકસદ હજી બાકી છે. આપણે મોહર્રમના ૧૦ દિવસ અઝાદારી કરી. બીબી ઝહરા(સ.અ.) તેને કબૂલ કરે પણ અઝીઝો અઝાદારી બાદ આપણે ઈમામ(અ.સ.)ની કેટલી માઅરેફત હાંસિલ કરી? શું તેમના મકસદને સમજી શક્યા અને જો આ મજલીસો, અઝાદારીની ખરેખર આપણને અસર થઈ છે તો પછી આપણે આપણી જાતને આપણા ઝમાનાના ઈમામ(અ.સ.)ના ઝહુર માટે તૈયાર કરીએ.

ઈમામ હુસૈન(અ.સ.) સાથે પણ તેમના મદદગારો અને તેમના ચાહવાવાળા હતા તો આપણે તે લોકોથી ઈબરત લઈએ કે જેઓએ પોતાના ઝમાનાના ઈમામને કેવી રીતે મદદ કરી અને સાથ આપ્યો.

નબુવ્વતના દૌરથી જોઈએ તો જનાબે મુસા(અ.સ.)ના ઝમાનામાં જ્યારે અલ્લાહ તઆલાએ તેમને ફિરઔનની સામે જવા કહ્યું તો જનાબે મુસા(અ.સ.)એ અઝીમ જવાબદારી માટે અને ફિરઔનના ઝુલ્મોની સામે અલ્લાહ પાસે પોતાના માટે એક મદદગારની તમન્ના કરી અને અલ્લાહે તેમના ભાઈ જનાબે હારૂનને તેમના વસી તથા તેમના મદદગાર બનાવ્યા. એવી જ રીતે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ જ્યારે અલ્લાહના હુકમથી લોકોની વચ્ચે નબુવ્વતનું એલાન કર્યુ ત્યારે આપ(સ.અ.વ.)એ અલ્લાહ પાસે એક મદદગાર અને વઝીરની માંગની કરી. અલ્લાહ તઆલાએ હઝરત અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબી તાલીબ(અ.સ.)ને તેમના મદદગાર, વસી અને જાનશીન બનાવ્યા. દાવતે ઝુલઅશીરામાં જ્યારે કોઈ હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ની મદદ માટે ઉભા ન થયા ત્યારે ૧૩ વર્ષની ઉંમરમાં જ હઝરત અલી(અ.સ.)એ હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ને આ કાર્યમાં મદદ અને નુસરતનો વાયદો કર્યો.

દરેક મહાન અને યાદગાર કાર્યો માટે અલ્લાહના સૌથી મહાન નબીઓ અને રસૂલોને પણ મદદગાર હતા. હઝરત અલી(અ.સ.)ને આ વાતનું ઈલ્મ હતું કે ઈમામ હુસૈન(અ.સ.)ને પણ કરબલામાં મહાન અને યાદગાર કાર્ય માટે મદદગારની જરૂર પડશે.

એટલે જ મૌલા અલી(અ.સ.)એ મૌલા અબ્બાસ(અ.સ.) જેવા ફરઝંદની તમન્ના કરી.

આવો! આપણે મૌલા અબ્બાસ(અ.સ.)ના ફઝાએલ તરફ થોડીક નજર કરીએ.

## મૌલા અબ્બાસ(અ.સ.)

અઝીઝો! મૌલા અબ્બાસ(અ.સ.)નું નામ સાંભળતા જ આપણા તસવ્વુરમાં એક એવા નવજુવાનની શબીહ ઉતરી આવે છે કે જેઓ શુજાઅત, બહાદુરી અને ઈમાનદારીમાં અજોડ છે. તેમનો મશહુર લકબ કમરે બની હાશીમ છે એટલે કે તેઓ બની હાશમમાં ચાંદ જેવો ચહેરો ધરાવતા હતા.

હઝરત અબ્બાસ(અ.સ.) 'અબુલ ફઝ્લ' છે એટલે કે ફઝાએલ (શ્રેષ્ઠતા) અને સંપૂર્ણતાના પિતા, બીજા શબ્દોમાં કહીએ તો બધી જ શ્રેષ્ઠતા અને સંપૂર્ણતા તેમનામાં ભેગી થયેલી જોવા મળે છે.

* *કામીલ ઈમાન :*

ઈસ્લામમાં ઈન્સાનની ઉચ્ચતાનો આધાર તેના કાર્યો, ચારિત્ર્ય, અખ્લાક અને તેનું ઈમાન છે. ઈમાન એ છે જે તમામ અમલની ફઝીલતને વધારી દે છે અને અલ્લાહની નજરમાં ઊંચો દરજ્જો પ્રાપ્ત થાય છે. હઝરત અબ્બાસ(અ.સ.)નું દુશ્મનો તરફથી આવેલ અમાનનામાને ઠુકરાવી દેવું અને વિલાયત પર સાબીત કદમ રહેવું એ વક્તના ઈમામથી મોહબ્બત કરવી અને તેમની ઉપર પોતાની જાન કુરવાન કરવી એ આપના સંપૂર્ણ ઈમાનને સાબિત કરે છે.

ઈમામ જાફર સાદિક(અ.સ.) મૌલા અબ્બાસ(અ.સ.) વિશે ફરમાવે છે:

**''અમારા ચાચા અબ્બાસ(અ.સ.)ની દીર્ઘદ્રષ્ટિ (બસીરત) સંપૂર્ણ હતી અને તેમનું ઈમાન દ્રઢ અને મક્કમ હતું. તેમણે મારા પિતા ઈમામ હુસૈન(અ.સ.)ની સાથે રહીને જેહાદ કર્યો.''**

*– નફસુલ મહમુમ, પે.૩૩૨*

હઝરત અબ્બાસ(અ.સ.)ને 'સક્કાએ હરમ' કહેવામાં આવે છે. આપ(અ.સ.) પોતાની સક્કાયતમાં પણ અજોડ છે. આપે ફુરાત ઉપર જઈને મશ્કમાં પાણી ભર્યુ અને ખુદ પોતે પાણી ન પીધું અને જયારે આપની શહાદત થઈ ત્યારે ઈમામ હુસૈન(અ.સ.)એ ફરમાવ્યું કે ''હવે મારી કમર તૂટી ગઈ.''

ઈમામ(અ.સ.)ના હુકમથી ફકત પાણી લેવા જવું અને જંગ ન કરવી, મૌલા

અબ્બાસ(અ.સ.)ની વકતના ઈમામ(અ.સ.)ના હુકમની ઈતાઅત કરવી આપણને ઝમાનાના ઈમામ(અ.સ.)ની ઈતાઅત કેમ કરવી તે બતાવે છે અને શુઝાઅતની સાથે સાથે આપની સબ્ર પણ જાહેર થાય છે.

ચોથા ઈમામ(અ.સ.) હઝરત અબ્બાસ(અ.સ.) વિશે ફરમાવે છેઃ અલ્લાહ જનાબે અબ્બાસ(અ.સ.) ઉપર રહેમત નાઝિલ કરે. ખરેખર તેમણે ખૂબજ મોટી કુરબાની આપી, દુઃખો વેઠયા અને પોતાની જાનના ભોગે પોતાના ભાઈની હિફાઝત કરતા રહ્યા, ત્યાં સુધી કે તેમના હાથ કાપી નાખવામાં આવ્યા. અલ્લાહે તેમના બંને હાથોના બદલામાં તેમને બે પાંખો આપી છે જેના વડે તેઓ ફરિશ્તાઓની સાથે જન્નતમાં ઉડે છે અલ્લાહની નઝદીક હઝરત અબ્બાસ(અ.સ.)નું સ્થાન અને મહાનતા એવી છે કે કયામતના દિવસે બધાજ શહીદો તેમના તે દરજ્જાની ઈચ્છા કરશે.

હઝરત અબ્બાસ(અ.સ.)એ કે જેણે ખુશનુદીએ ખુદા માટે અજોડ કુરબાનીઓ આપી. અલ્લાહ તઆલાએ પણ આપને અજોડ મરતબો આપ્યો :

૧) જનાબે ફાતેમા ઝહરા(સ.અ.) કયામતના મેદાનમાં હઝરત અબ્બાસ(અ.સ.)ના કપાએલા હાથ લઈને આવશે અને ચાહવાવાળાઓની શફાઅત કરશે.

૨) જેમનો રોઝો હઝરત ઈમામ હુસૈન(અ.સ.)ની સામે છે. જેમ લોકો પોતાની મુરાદો હઝરત ઈમામ હુસૈન(અ.સ.)ના રોઝા પેશ કરે છે તેમ 'બાબુલ મુરાદ' હઝરત અબ્બાસ(અ.સ.)ના રોઝામાં પણ પોતાની મુરાદો પેશ કરે છે.

આ તે શહીદ છે કે જેમના મસાએબ જયારે પડવામાં આવે છે તો ઈમામે ઝમાના(અ.સ.) તે મજલીસોમાં હાજરી આપે છે.

અઝીઝો! આવો આવી અજોડ શખ્સીય્યતનો પોતાના ઝમાનાના ઈમામની મઅરેફત કરાવતો એક અજોડ ખુત્બો જોઈએ કે જે તેમણે મદીનાથી નીકળીને જયારે મક્કા પહોંચ્યા ત્યારે ખાનએ કાબાની છત ઉપરથી આપ્યો હતો. (જયારે યઝીદના સિપાહીઓ ઈમામ હુસૈન(અ.સ.)ને કત્લ કરવા ત્યાં પણ આવી પહોંચ્યા હતા.)

* *૮ ઝીલ્હજના ખાને કાબાથી આપનો ખુત્બાનો અમુક ભાગ :*

**તમામ તારીફ એ અલ્લાહ તઆલા માટે કે જેણે આ ખાનએ કાબાને મારા આકા ઈમામ હુસૈન(અ.સ.)ના બાબા હઝરત અલી(અ.સ.)ની વિલાદત થકી મરતબો**

આપ્યો તે પહેલા ખાનએ કાબા કિબ્લો ન હતો. હઝરત અલી(અ.સ.)ની વિલાદત ખાનએ કાબામાં થઈ પછી તે કીબ્લો બન્યો.

અય કાફીરો અને ઝાલીમો ! તમે એ ઈમામ(અ.સ.)ને ખાનએ કાબાથી રોકો છે જેનો અધિકાર તેની ઉપર વધારે છે. અય લોકો! તમારી અકકલોને શું થઈ ગયું છે? શું તમે રસૂલેખુદા(સ.અ.વ.)ના ઘરાનાના લોકો (એહલેબૈતઅ.મુ.સ.) અને યઝીદના ઘરના લોકો વચ્ચેનો તફાવત નથી જાણતા? એક તરફ તહારત, નેકીઓ, કુરઆન અને વહીના માલિક છે તો બીજી તરફ બધીજ બુરાઈઓ અને નાપાકી.

તમે લોકો એજ ભૂલ કરી રહયા છો જે કુરૈશના લોકોએ કરી હતી. જેઓ રસૂલેખુદા(સ.અ.વ.)ને કત્લ કરવાનો મનસુબો બનાવતા હતા અને આજે તમે તેના ફરઝંદને કત્લ કરવા પર ઉતરી આવ્યા છો. પણ હઝરત અલી(અ.સ.)ના હોવાના કારણે તમે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ને કત્લ ન કરી શકયા, એવી જ રીતે મારા મૌલા અબુ અબ્દુલ્લાહ અલ હુસૈન(અ.સ.)ની પણ હઝરત અલી(અ.સ.)નો આ દીકરો હિફાઝત કરશે.

અલ્લાહની મરજી એ મારા મૌલા હુસૈન(અ.સ.)ની મરજી છે અને મારા મૌલાની મરજી અલ્લાહની મરજી છે. અલ્લાહની કસમ જો એમ ન હોત તો હું તમારા ઉપર એવી રીતે હુમલો કરતે જેવી રીતે એક બાજ તેના શિકાર તરફ હુમલો કરે છે. જ્યાં સુધી હું જીવંત છું ત્યાં સુધી તમે તમારા ઈરાદામાં સફળ નહીં થાવ. અલ્લાહ તઆલાનો અઝાબ તમારા ઉપર નાઝિલ થાય. તમારા પૂર્વજો ઉપર અને તમારી નસ્લો ઉપર.

દુશ્મનોની સામે તેમની વચ્ચે આમ બહાદુરીપૂર્વક આ અઝીમ ખુત્બો આપ(અ.સ.)ની બહાદુરીનો એક નમુનો છે.

આવો! અઝીઝો આપણે દુઆ કરીએ કે જનાબે ફાતેમા(સ.અ.) કયામતના દિવસે હઝરત અબ્બાસ(અ.સ.)ના સદકામાં આપણી શફાઅત કરે અને આપણને આપણા ઝમાનાના ઈમામ(અ.સ.) માટે દુઆ કરવાની તૌફીક, તેમની હિફાઝત અને મઅરેફત નસીબ કરે. અલ્લાહુમ્મ અજ્જીલ લે વલીય્યેકલ ફરજ.

---

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com